ખોખરીયા ગામે સતત બે રાતથી ઘર ઉપર પથ્થરો ફેકાતા ગ્રામજનો ભયભીત






પ્રાંતિજ ખાતે આવેલ અપ્રોચરોડ વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી રોડના કામને લઈને પાણીની પાઈપલાઈનોમાં પંકચર પડવાને કારણે સોસાયટીના રહીશો તથા દુકાનદારોને પાણી માટે વલખા મારવા પડે છે. ત્યારે સોસાયટીના રહિશોને કે વેપારીઓને ટેન્કર દ્વારા પાણી આપવાના બદલે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ટેન્કર બેંકની સેવામાં નજરે પડે છે અને રહીશો અને વેપારીઓ દ્વારા ટેન્કર માટે ટેન્કર સપ્લાયરને ફોન કરવામાં આવતાં ફોન ઉપાડવામાં આવતો નથી અને લોકોની મોબાઈલની બેટરી પણ ઉતરી જાય છે ત્યારે આને કહેવાય નગરસેવા.

## રતનપુર ગામે ટ્રિપલ અકસ્માતમાં બાઈકચાલકનું મોત

તલોદ, તા. ૧૭

તલોદ તાલુકાના રતનપુર ગામના સ્ટેન્ડ નજીક એક લકઝરીયસ મોટરકારે એક કાર અને બાઈકને ટક્કર મારતા જીવલેણ અકસ્માત થયો હતો.

તલોદના રતનપુર ગામના સ્ટેન્ડ નજીક થયેલા આ ટ્રિપલ વાહન અકસ્માતમાં અમદાવાદના બાઈકચાલકનું ભારે ઈજાઓને કારણે આખરે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અકસ્માતમાં ક્રિયેસ્ટા ગાડીએ અન્ય એક ગાડીને પણ ટક્કર મારતા કારને ભારે નુકશાન થવા પામ્યુ હતુ. આ અકસ્માત મામલે દિલીપ પટેલની ફરિયાદના આધારે તલોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ધોમધખતા તડકા સામે રક્ષણ મેળવવા શ્રમજીવી બાળકો પુંઠાની ટોપીના શરણે

ગતિશીલ ગુજરાત, ડીજીટલ ગુજરાત, ગરીબ કલ્યાણ યોજનાઓ પાછળ લાખો કરોડો રૂપિયા ખર્ચી ગુજરાત રાજ્યને દેશ-દુનિયાના નકશા પર વાઈબ્રન્ટ રાજ્ય તરીકે બતાવવા રાજ્ય સરકાર દ્વારા મોટા મોટા તાયફા કરી રૂપિયાનો રીતસર બગાડ થઈ રહ્યો છે. ત્યારે ગરીબ રેખા નીચે અને શ્રમજીવી તરીકે જીવનારા કુટુંબના બાળકોને પહેરવા માટે પુરતા કપડાં પણ મળતા નથી. આ તસવીર ડીઝીટલ ભારત અને ગતિશીલ ગુજરાતની વાતો માત્ર કાગળ પર હોવાનો પુરાવો છે.

સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં કાળઝાળ ગરમી અને આકાશમાંથી રીતસરના અગનગોળા વરસી રહ્યા છે ત્યારે કુદરતને ખોળે રહેનારા લોકોને પણ ગરીબ કે બિચારા કહેવા યોગ્ય નથી. આફત આવી પડે ત્યારે તેમનો સામનો કરવાની તાકાત કુદરતે આપેલી છે. અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં ગરમીએ માઝા મુકી દેતા શહેરના માર્ગો સુમસાન બન્યા છે. ઉચ્ચ મધ્યમ વર્ગ ને શ્રીમંતો વાતાનુકુલિત ઓરડામાં ભરાઈને ગરમીથી બચવાનો માર્ગ અપનાવે છે. જ્યારે બીજુ બાજુ શ્રમજીવી બાળકો સૂર્યના પ્રકોપથી બચવા ખોખાના પુંઠાની ટોપી બનાવી પ્રતિકાર કરતા નજરે ચડતા હતા. શ્રમજીવી બાળકોના પગમાં ચપ્પલ પણ નહોતા ત્યારે માથાનો બચાવતો ખોખાના પુંઠાથી કરી લીધો પણ બીચારા પગનો કઈ રીતે બચાવવા તેનની મથામણ કરતા તેમની બાળમસ્તીમાં મોડાસા શહેરના મુખ્ય માર્ગ પરથી પસાર થતા નજરે ચડતા હતા.



# ખોખરીયા ગામે સતત બે રાતથી ઘર ઉપર પથ્થરો ફેકાતા ગ્રામજનો ભયભીત

ઈસરી, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ખાખરીયા ગામે પત્રકાર છગનભાઈ પંચાલના ઘર ઉપર ૧૫-૫-૧૬ રવિવારે રાત્રે ઘરના બધા રસોડામાં જમવા બેઠા હતા ત્યારે પતરા ઉપર ચાર પથ્થરો પડતા જમવાનું છોડીને બૂમાબૂમ કરી તપાસ હાથ ધરી હતી. આ અંગે ૮.૩૦ વાગે ઈસરી પોલીસ સ્ટેશને જીપથી રાઉન્ડ મારવા પણ જણાવેલ અથવા હોમગાર્ડની વ્યવસ્થા માંગેલ વળી આ એકજ ઘરને નિશાન બનાવ્યુ હોય તેમ ૧૬-૫-૧૬ સોમવારે રાત્રે પણ ૮.૧૫ વાગે ધાબા ઉપર ૪ પથ્થરો અથવા બાજુના મકાન ઉપર પણ પથ્થરો પડતા સૌ ધ્રુજી ગયા હતા.

જમવાના સમયે જ પથ્થરો પડે છે તે નવાઈની વાત ગણાય. અહીં કેટલાક દારૂડીયા તત્વો હેરાન કરવાની પ્રવૃત્તિ કરતા હોય તેવું જણાય છે. આ ગામે આઝાદી પછી આજ સુધી બે પંચાયતનો વહીવટ બદલાયો. અનેક ઠરાવો થયા છતાં રોડ લાઈટની વ્યવસ્થા થઈ નથી. પીવાના પાણીની અને ઘાસચારાની તકલીફ છે. રાહતના કામો ચાલે છે છતાં પણ નક્કી કરેલા મકાનો ઉપર રાત્રીના ૮ વાગે પથ્થરો નાખીને છેલ્લા મકાનવાળાને હેરાન કરવાનો શો અર્થ. આ અંગે સોમવારે રાત્રે ૮.૩૦ વાગે ઈસરી પોલીસ સ્ટેશને જીપના રાઉન્ડ માટે જાણ કરેલી પરંતુ જીપ હાજરમાં ન હોવાથી મદદ મળી ન હતી. આ અંગે પી.એસ.આઈ. ભાવનાબેન પટેલને પણ અરજી આપી જીપના બે રાઉન્ડ અને ૩ થી ૪ હોમગાર્ડની સેવા માટે છગનભાઈ પંચાલે માગણી કરેલ છે.

## વડનગર તાલુકાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ

મહેસાણા, તા. ૧૭

પ્રજાની ફરિયાદો અને રજૂઆતોના સમય મર્યાદામાં નિરાકરણ થાય તેમજ સ્થાનિક પ્રશ્નો માટે જિલ્લા કે સચિવાલય સુધી જવુ ન પડે તે માટે વડનગર તાલુકામાં લોક સંવાદ સેતુ કાર્યક્રમ ૨૦ મે ૨૦૧૬ને શુક્રવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સરકારી પોલીટેકનીક હોલ વડનગર મુકામે યોજાનાર છે. લોકસંવાદમાં વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ તેમજ રાજ્ય મત્સ્યઉદ્યોગ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ ઉપસ્થિત રહેનાર છે.

# મોડાસામાં નીટ પરીક્ષાનો વિરોધ દર્શાવી વાલી મંડળે કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

મોડાસા, તા. ૧૭

નીટ પરીક્ષા અંગે સુપ્રિમ કોર્ટના ચુકાદા સંદર્ભમાં ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકાર બની જતા અરવલ્લી જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વાલીઓનું ભાવિ પણ અંધકારમય થઈ રહ્યું છે. અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓ અને વાલી મંડળ દ્વારા સુપ્રિમ કોર્ટનો ચુકાદો વિદ્યાર્થીઓ માટે નુકશાનકારક હોવાથી નીટની પરીક્ષા ૨૦૧૮થી ફરજીયાત બનાવી જવાની સંભાવના વ્યક્ત કરવાની સાથે ગુજરાતી ભાષામાં જ નીટની પ્રવેશ પરીક્ષા લેવાવી જોઈએ તેમજ એન્જીનીયરીંગ માટે જેઈઈ રાષ્ટ્રીય પરીક્ષા ગુજરાતી ભાષામાં લેવાય છે. તેમજ આ પરીક્ષાના આધારે



વિદ્યાર્થીઓ, વાલી મંડળ અને મારૂતિ વિકાસ મંડળ દ્વારા મંગળવારે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી વિરોધ દર્શાવ્યો હતો.

નીટ પરીક્ષા અંગ્રેજી માધ્યમમાં જ લેવાય છે. ગુજરાતમાં સરેરાશ ૯૪ ટકા વિદ્યાર્થીઓ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા હોવાથી ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અન્યાય થવાનો ભય રહેલો છે. નીટ ફરજીયાત બનાવાતા વિદ્યાર્થીઓની વર્ષોની મહેનત સાથે ગુજરાત ભાષામાં પરીક્ષા લેવાવી જોઈએ જેથી વિદ્યાર્થીઓને નીટની પ્રવેશ પરીક્ષા અંગે સમય મળી રહે.

મારૂતિ વિકાસ મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં માતૃભાષા બચાવો અભિયાન ગુજરાતના વિવિધ સામાજીક સંગઠનો તેમજ સાધુ સંતો દ્વારા પણ ચલાવી રહ્યા છે. પ્રવેશ પરીક્ષાઓ જો અંગ્રેજી માધ્યમમાં ફરજીયાત અમલી બનાવવામાં આવશે તો ગુજરાતી માતૃભાષા પુરેપુરી મૃતપાય અવસ્થામાં આવી ગુજરાતમાં ગુજરાત બોર્ડના ૬૦ ટકા અને જેઈઈના ૪૦ ટકાના ધોરણે મેરીટ બને છે. તેજ રીતે ગુજરાતી મેડીકલ કોલેજોમાં પણ એન્જીનીયરીંગની જેમ જ ૬૦ ટકા અને ૪૦ ટકા નીટના નીયમ મુજબ પ્રવેશ આપવામાં આવે તો ગુજરાતના વિદ્યાર્થીઓને ન્યાય મળી રહે. જેવા વિવિધ મુદ્દાઓને લઈને મંગળવારે અરવલ્લી જિલ્લા સેવાસદન ખાતે અરવલ્લી જિલ્લા એડી. કલેક્ટર ચીરાગ ચાબાને આવેદનપત્ર આપ્યું હતું.





**કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ મધરોલ ગામે વિવિધ વિકાસના કામોનું લોકાર્પણ કર્યુ**

સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત ભારત સરકારના માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાનીએ દત્તક લીધેલા આણંદ જિલ્લાના મધરોલ ગામમાં વિવિધ વિકાસના કામોનું લોકાર્પણ કર્યું હતું. સ્મૃતિ ઈરાની ગામમાં આવી પહોંચતા સરપંચ સહિત અગ્રણીઓએ તેઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ગામમાં તૈયાર થયેલા કોમ્યુનીટી હોલ, પાણીની ટાંકી, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી, બસ સ્ટેન્ડ, શૌચાલય અને રમત-ગમતનું મેદાન તેમજ પ્રાથમિક, શાળામાં ડાઈનીંગ હોલ સહિત વિવિધ વિકાસના કામોનું ઉદ્ઘાટન કરી લોકાર્પણ કર્યું હતું.

# કરૂન્ડાની પરીણીતાને ત્રાસ ગુજારી દહેજની માગણી કરતા પાંચ વિરૂદ્ધ ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાના કરૂન્ડા ગામની પરીણીતાને પતિ તથા સાસરીયા દ્વારા શારીરિક માનસીક ત્રાસ આપી અને અવાર-નવાર સાસારીમાંથી કાઢી મુકતા પરીણીતાએ તેના સાસરીયા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગત મુજબ દામાવાસ ગામની તેજલબેનને કરૂન્ડા ગામના મુકેશભાઈ ગોબરભાઈ વણઝારા સાથે સામાજીક રીત-રીવાજ મુજબ ત્રણ વર્ષ અગાઉ લગ્ન થયા હતા. લગ્નજીવન દરમ્યાન તેજલબેનને એક પુત્રીનો જન્મ થયો હતો. લગ્ન થયા બાદ લગ્નજીવન સારી રીતે પસાર થયુ હતુ પણ છેલ્લા દોઢ વર્ષથી તેજલબેનનો પતિ મુકેશ એવુ કહેતો હતો કે, તુ મને ગમતી નથી અને મારે બીજા લગ્ન કરવા છે. તેમ કહી અવારનવાર મારઝુડ કરતો હતો અને તેજલબેનની સાસુ બચુબેન ગોબરભાઈ, સસરા ગોબરભાઈ બબાજી, નણંદ ગીતાબેન દિનેશભાઈ તથા જેઠ કમલેશભાઈ ગોબરભાઈની ચઢવણીથી તેનો પતિ મુકેશ છેલ્લા દોઢ વર્ષથી શારીરિક તથા માનસિક ત્રાસ ગુજારતો હતો અને છેલ્લે નવી મોટરસાયકલ લાવવાની હોઈ રૂ. ૫૦ હજાર તારા બાપાના ઘરેથી લઈ આવવાની માંગણી કરી હતી. તથા તેના નણંદ અને જેઠ દહેજમાં કઈ લાવી નથી તેમ કહી મારઝુડ કરી ઘરમાંથી કાઢી મુકી હતી તેવી તેજલબેને તેના પતિ મુકેશભાઈ, સાસુ-સસરા, નણંદ અને જેઠ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

જેથી પોલીસે ઈ.પી.કો. કલમ ૪૯૮, ૩૨૩, ૫૦૪, ૧૧૪ અને દહેગ ધારા ૩, ૭ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. એસ.એમ. ગામેતી ચલાવી રહ્યા છે.





બેચરાજી ખાતે હોન્ડા સેન્ટર ઓફ એક્સલ્સ દ્વારા મહિલાઓને રોજગારી મળી રહે તે માટે સીવણ અને બ્યુટીપાર્લરની વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. બેચરાજી તાલુકાની મહિલાઓ તાલીમ મેળવી રોજગારીનું સર્જન કરી રહી છે. સેન્ટર ઓફ એક્સલન્સ હોન્ડા મોટર સાઈકલ સ્કુટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કંપનીઓની સામાજિક જવાબદારીના ભાગરૂપે કામ કરી રહ્યું છે. સંસ્થામાંથી મહિલાઓ તાલીમ મેળવી તાલીમાર્થી મહિલાઓને રાજ્યના ગૃહમંત્રી રજનીકાન્ત પટેલના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું હતું.

# તાજપુર પાસે રીક્ષા પલ્ટી ખાતા બે ના મોત

## રીક્ષાચાલકે ફુલફાસ્ટ હંકારી રોડના પીલર સાથે અથડાવતા ચાલક સહિત બે ના મોત

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ તાલુકાના તાજપુર પાટીયા નેશનલ હાઈવે આઠ ઉપર રાત્રીના સમયે રીક્ષા પલ્ટી ખાતા બે ના મોત નિપજ્યા હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના તાજપુર પાટીયા પાસે રાત્રીના સમયે રીક્ષા ચાલક દ્વારા પોતાના કબજાની રીક્ષા નં. જીજે૨૭વી.-૦૧૮૫ ને ચાલક પોતે ફુલફાસ્ટ હંકારી લાવી તાજપુર પાસે રોડની બાજુમાં આવેલ પિલરને ધડાકા સાથે અથડાવતા રીક્ષા રોડ ઉપર પલ્ટી ખાઈ જતા રીક્ષામાં મુસાફરી કરી રહેલ કાળુભાઈ પ્રજાપતિ તથા રીક્ષાચાલક ઉનકારલાલ અનુજભાઈ પરાસણ રહે. ખોખરા અમદાવાદ બન્નેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે આ અંગેની ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નારાયણભાઈ ઉદેલાલ પ્રજાપતિ દ્વારા કરતાં પ્રાંતિજ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કારની ટક્કરે ભારે ઈજાનો ભોગ બનેલી ભેંસનું સારવાર દરમિયાન મોત

તલોદ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ગંભીરપુરા પંથકમાંથી દોડતી એક સીઝર મોટરકારના ચાલકની ગફલતને કારણે એક ભેંસને પાછળના ભાગે ગાડીની ટક્કર વાગતા ભેંસ રોડ ઉપર પટકાઈ પડી હતી. જ્યાં તે ભારે ઈજાઓનો ભોગ બની હતી. જેનું સારવાર દરમ્યાન મોત થતા તેના પાલક પરિવારને તલોદ પોલીસ દફતરે ગાડીના ચાલક વિરૂદ્ધ ફરીયાદ નોંધાવવાની ફરજ પડી છે.

ગંભીરપુરા પંથકમાંથી દોડતી સીઝર ગાડી (નં. જીજે.૫એજે ૩૦૨૬)ના ચાલકની કથિત બેદરકારીને કારણે ગામના મુકેશ ગાંડાભાઈ રબારીની ૪ વર્ષની વયની ભેંસને પાછળના ભાગે ગાડીની ટક્કર વાગી હતી. આ ટક્કરના અકસ્માતમાં અંદાજીત રૂ. ૫૦ હજારની કિંમતની રબારી પાલક પરિવારની ભેંસ મરણને શરણ થવા પામી હતી.

# સીસોદરા(મે) દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો રજત જયંતિ મહોત્સવ ઉજવાયો

## બી.એમ.સી.યુ. યુનીટ તેમજ દૂધ ઘરના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરાયું

મોડાસા, તા. ૧૭

મેઘરજ તાલુકાના સીસોદરા(મે) ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નવા દૂધ ઘરનું ઉદ્‌ઘાટન અને રજત જયંતિ મહોત્સવ મંગળવારના રોજ સાબર ડેરી હિંમતનગરના ચેરમેન જેઠાભાઈ પી. પટેલના અધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવ્યો હતો.

સીસોદરા (મે) દૂધ ઉત્પાદક સહકારી મંડળીના કુલ ૨૯૧ સભાસદો છે. આ ગામમાં નવીન દૂધઘર ઉપરાંત બી.એમ.સી.યું યુનીટ તેમજ રજત જયંતિ મહોત્સવ આમ આ ત્રણેય કાર્યક્રમનો ત્રિવેણી સંગમમાં આ અનોખો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમના ઉદ્‌ઘાટક સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ હતા અને મુખ્ય મહેમાન તરીકે સાબરડેરી હિંમતનગરના ડિરેક્ટર જયંતિભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ દિલીપભાઈ સુવેરા, જિલ્લા સદસ્ય રમીલાબેન ડામોર, મણીલાલ પાંડોર, સાબરકાંઠા બેંક હિંમતનગર ડિરેક્ટર નરેન્દ્રભાઈ ઉપાધ્યાય અને અતિથિ વિશેષ તરીકે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મેઘરજના ચેરમેન હિરાજી ડામોર, તાલુકા વિકાસ અધિકારી મૌલીક શર્મા તેમજ અરવલ્લી જિલ્લા ભાજપ મહામંત્રી ભીખાજી ડામોર તથા સાબરડેરી હિંમતનગરના અન્ય કર્મચારી ઓ અને રાજકીય અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમજ દૂધ મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્યો તથા સભાસદ ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતિમાં આ રજત જયંતિ મહોત્સવ અને નવીન દૂધ ઘરના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમના અંતે દૂધ મંડળીના સેક્રેટરી જયંતિભાઈ પી. વાળંદે ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વડાલીમાં એક જ રાતમાં ત્રણ મંદિરના તાળા તૂટયા

વડાલી શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા પૌરાણિક ચામુંડા માતા, રામદેવપીર અને નાના હનુમાનજી મંદિરના શનિવારે રાત્રે તસ્કરોએ તાળા તોડી તરખાટ મચાવતા શહેરીજનોમાં ફફડાટ ફેલાયો છે. જયારે તસ્કરોએ ચામુંડા મંદિરના સાત તાળા તોડી દાનપેટીમાંથી રોકડ રકમ અને નાના હનુમાનજી મંદિરમાંથી દાનપેટી જ ઉઠાવી જઈ પલાયન થઈ જતા પોલીસની કામગીરી પ્રત્યે લોકો શંકાકુશંકાઓ કરી રાત્રે સઘન પેટ્રોલીંગ કરવા ઉગ્ર માંગ કરી રહ્યા છે. વડાલી શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા થુરાવાસ માર્ગ પર પૌરાણિક ચામુંડા માતાના મંદિર આવેલ છે તે મંદિરની નજીકમાં રામદેવપીર મંદિર અને નાના હનુમાનજી મંદિર આવેલુ છે. આ ત્રણેય મંદિરમાં શનિવારે સાંજે પુજારીઓ પૂજા તેમજ આરતી કરી મંદિરને તાળા મારી ઘરે ગયા હતા. જેઓ રવિવારે સવારે મંદિરમાં પૂજા કરવા આવતા મંદિરના તાળા તૂટેલા જણાતા કંઈક અજુગતું બન્યુ હોવાનું લાગતા તેમણે મંદિરના સંચાલકોને જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તપાસ કરતા ચામુંડા મંદિરના સાત તાળા તોડી તસ્કરોએ દાનપેટી તોડી તેમાંથી રોકડ રકમ આશરે રૂા. ૧૫૦૦ લઈ ફરાર થઈ ગયા હતા. જયારે ચામુંડા મંદિર નજીક આવેલા રામદેવપીર મંદિરમાં તસ્કરોએ દરવાજાના તાળા તોડી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો પણ તેમાં નિષ્ફળ રહ્યા હતા. જે બાદ તસ્કરોએ નાના હનુમાનજી મંદિરને નિશાન બનાવી તેના તાળા તોડી મંદિરના ગર્ભગૃહમાં મુકેલ દાનપેટી જ ઉઠાવી પલાયન થઈ ગયા હતા. એક જ રાતમાં ત્રણ મંદિરમાં તસ્કરો ચોરી કરી પલાયન થઈ જતા શહેરીજનોમાં તસ્કરોનો ફફડાટ ફેલાયો છે.